# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : અશરફ નથવાણી

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૨૫-૦૭-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## રાજ્યમાં સાર્વત્રિક વરસાદ:

રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદના પગલે મધ્ય ગુજરાતના અનેક જિલ્લામાં જનજીવન ખોરવાયું છે. રાજ્યભરમાં આજે 43 તાલુકામાં વરસાદ વરસ્યો છે. જોકે, ઉત્તર અને દક્ષિણ ગુજરાત તેમ જ સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર ઘટ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે અસરગ્રસ્ત જિલ્લાઓના નીચાણવાળા વિસ્તારના લોકોનું સલામત સ્થળે સ્થળાંતર તથા આશ્રયસ્થાનોમાં આરોગ્ય, અન્ન-પૂરવઠો વગેરેની સુવિધા અંગે માહિતી મેળવી હતી.મુખ્યમંત્રીએ સતર્કતા સાથે કાર્યરત્ રહેવા માર્ગદર્શન આપ્યું હતું.

દરમિયાન મુખ્યમંત્રીએ માનવમૃત્યુ,પશુમૃત્યુ,ખેતીવાડી નુકસાન વગેરે કિસ્સામાં યોગ્ય સર્વે કરીને સહાય માટેના આયોજન અંગે પણ ચર્ચા કરી હતી.શ્રી પટેલે હવામાન વિભાગની વખતોવખતની સૂચનાઓ મુજબ આગોતરા રાહત-બચાવ ઉપાયો માટે જિલ્લા કલેક્ટરોને સજ્જ રહેવા અનુરોધ કર્યો હતો.

દરમ્યાન,કચ્છમાં વરસાદે આજે વિરામ લીધો છે.મુન્દ્રામાં ૨ મીલીમીટર વરસાદ નોંધાયો છે.

**RNU અમદાવાદ**

**-----------------------------------------------------------------------------------------**

## રાજ્યના જળાશયોમાં હાઈ એલર્ટ :

રાજ્યમાં સાર્વત્રિક વરસાદના કારણે 46 જળાશય સંપૂર્ણ છલકાતા હાઈઅલર્ટ જાહેર કરાયું છે.રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના 54.06 ટકા જળસંગ્રહ નોંધાયો છે.આ ઉપરાંત રાજ્યના કુલ 206 જળાશયમાં કુલ સંગ્રહશક્તિના 42.96 ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો હોવાનું જળસંપત્તિ વિભાગે જણાવ્યું છે.

કચ્છ જીલ્લાની વાત કરીએ તો જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી વરસી રહેલા વરસાદને પગલે જિલ્લા પંચાયત હસ્તકની સિંચાઇ શાખાના 170 ડેમ પૈકી 58 ડેમ છલકાયા છે.આ તમામ 170 ડેમમાં કુલ 84 ટકા પાણીનો જથ્થો હાલ સંગ્રહિત થયો છે.

**RNU અમદાવાદ/અશરફ નથવાણી**

**-----------------------------------------------------------------------------------------**

## મેન્ગ્રુવનું વાવેતર :

રાજ્યમાં મેનગ્રોવ એટલે કે ચેરના વૃક્ષોનું વાવેતર કવર 1 હજાર 175 ચોરસ કિલોમીટર સુધી વિસ્તરણ પામ્યું છે.799 ચોરસ કિલોમીટર સાથે કચ્છ જિલ્લો મેનગ્રોવ કવરમાં રાજ્યમાં સૌથી અગ્રેસર રહ્યો છે.વર્ષ 2023-24માં રાજ્યમાં 6 હજાર 930 હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રોવનું વાવેતર કરાયું હતું અને વર્ષ 2024-25 દરમિયાન કુલ 12 હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં મેન્ગ્રોવનું વાવેતરનું આયોજન કરાયું છે.

આ અંગે વન અને પર્યાવરણ મંત્રી મુળૂભાઈ બેરાએ જણાવ્યું કે,સરકારના પ્રયાસોથી રાજ્યમાં આજે મેન્ગ્રોવનું આવરણ 1 હજાર 175 ચોરસ કિલોમીટર સુધી વિસ્તર્યું છે.રાષ્ટ્રીય સ્તરે પણ ગુજરાત મેન્ગ્રોવ કવરની દ્રષ્ટિએ બીજું સ્થાન ધરાવે છે, જે એક નોંધપાત્ર સિદ્ધિ છે.

ઉલ્લેખનીય છે કે,રાજ્યનો કચ્છ જિલ્લો રાજ્યના મેન્ગ્રોવ કવરનો મોટા ભાગનો હિસ્સો ધરાવે છે.

**RNU અમદાવાદ**

**------------------------------------------------------------------------------------------**

## <u>પ્રધાનમંત્રી મન કી બાત :</u>

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીઆ મહિનાની આગામી **28**મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે**. 28**મી જુલાઇએ પ્રસારિત થનારી આ **112**મી કડી હશે**.**મન કી બાત કાર્યક્રમ માટે લોકોએ તેમના વિચારો અને સૂચનો શુક્રવાર **26** તારીખ સુધીમાં મોકલવાના રહેશે**.**એક સોશિયલ મીડિયા પોસ્ટમાં,શ્રી મોદીએ દરેક યુવાનોને MyGov ઓપન ફોરમ,નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર **1800-11-7800** ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે**.**

**RNU અમદાવાદ**

**------------------------------------------------------------------------------------------**

## <u>ભુજ-સરાય રોહિલ્લા ટ્રેન :</u>

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં ભુજ થી દિલ્લી સરાય રોહિલ્લા વચ્ચે ચાલતી સ્પેશયલ ટ્રેનને કાયમી કરવાનો નિર્ણય લેવાયો છે.ભુજ-દિલ્લી સરાય રોહિલ્લા-ભુજ સુપરફાસ્ટ એક્સપ્રેસ 2 ઓગસ્ટથી દર મંગળવાર અને શુક્રવારે ભુજથી ૫ વાગ્યે ઉપડશે તથા બીજા દિવસે 12 વાગીને 20 મીનીટે  દિલ્લી સરાય રોહિલ્લા પહોંચશે.આ જ રીતે 3 ઓગસ્ટથી દરેક બુધવાર અને શનિવારે દિલ્લી સરાય રોહિલ્લાથી ૩ વાગ્યે ઉપડશે તથા બીજા દિવસે 11:30 વાગ્યે ભુજ પહોંચશે.

આ ટ્રેનમાં ફર્સ્ટ એસી,સેકન્ડ એસી,થર્ડ એસી,સ્લીપર અને જનરલ શ્રેણીના કોચ હશે.નોંધનીય છે કે,ભુજથી દિલ્હી માટે હાલ માત્ર બરેલી એક્સપ્રેસની સુવિધા હતી હવે નવી ટ્રેન ભુજ સ્ટેશનને મળતા ઉત્તર ભારત જવા ઇચ્છુક પ્રવાસીઓને ફાયદો થશે.

**NP-અશરફ નથવાણી**

---

## કચ્છના ૧૪ પોલીસ સ્ટેશનનો અપગ્રેડ :

કચ્છના પીએસઆઈ કક્ષાના 14 પોલીસ સ્ટેશનો હવે પીઆઇ ક્ક્ષામાં અપગ્રેડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પશ્ચિમ કચ્છમાં પધ્ધર,મુન્દ્રા મરીન,ખાવડા,દયાપર,નલિયા,કોઠારા,વાયોર, જખૌ અને પૂર્વ કચ્છમાં આદિપુર,સામખીયાળી,દુધઈ,આડેસર,ગાગોદર અને ગાંધીધામ રેલવે પોલીસ સ્ટેશનનો સમાવેશ થાય છે.આ તમામ પોલીસ સ્ટેશન હાલમાં હવે પોલીસ ઇન્સ્પેકટર કક્ષાના અધિકારીની નિમણુંક કરવામાં આવશે.

**NP-અશરફ નથવાણી**

---